**મહે. ૩૭ માં એડી.ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અમદાવાદ શહેર.**

**ફો.કેસ નં. 191091/2024**

**૧.** આ કામના આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ સદર કલમ અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીને પુછતા તેઓએ સ્વૈચ્છીક રીતે ગુનાની કબુલાત કરેલ છે. આરોપીની આ રજીખુશીથી કરેલી કબુલાત હોઇ, તે નહીં માનવા માટે કોઇ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઇ તેમને સજા અંગે પુછતાં જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ. ની કલમ–૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂા.૪૦૦/– (અંકે રૂપિયા ચારસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૪ (ચાર) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪/૧૨/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.
**<u>સ્પેશિયલ સીટીંગ</u>**

**ઈ./ચા.**૩૭ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ શહેર.